For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વહેલી સવારે ૫૦ પગથિયા ચડ્યા બાદ સિંહ ત્રાટક્યો વન વિભાગની ઘોર બેદરકારીથી લોકોમાં ઉગ્ર રોષ

જૂનાગઢના ગિરનાર પર્વત પર સિંહએ ખેડાના ૧૧ વર્ષના બાળકને ફાડી ખાધો

મહેમદાવાદના મોદજ ગામનો પરિવાર ગિરનારચઢતો હતો ત્યારે જ સિંહે તરાપ મારી

મુખ્ય સીડીથી 100 મીટર દૂર માસૂમના પગના અવશેષો મળ્યાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.11

જૂનાગઢ સ્થિત ગિરનાર પર્વત પર દર્શનાર્થે ગયેલા ખેડા જિલ્લાના પ્રવાસી પરિવાર પર કાળ ત્રાટક્યો હતો. વહેલી સવારે ગિરનાર ચડી રહેલા 11 વર્ષના બાળક પર સિંહે હુમલો કરી તેને જંગલમાં ખેંચી જઈ મોતને ઘાટ ઉતારતા અરેરાટી વ્યાપી ગઈ છે. ઘટના બાદ મોડેથી પહોંચેલા વન વિભાગના કર્મચારીઓ સામે લોકોએ ભારે આક્રોશ ઠાલવ્યો હતો.

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના મોદજ ગામેથી 40 જેટલા લોકોનો સંઘ સૌરાષ્ટ્રના પ્રવાસે નીકળ્યો હતો. આ યાત્રાળુઓ જૂનાગઢ પહોંચ્યા બાદ વહેલી સવારે ગિરનાર પર્વત ચડવાની શરૂઆત કરી હતી. તમામ પ્રવાસીઓ સમૂહમાં આગળ વધી રહ્યા હતા અને માંડ 50 જેટલા પગથિયાં ચડ્યા હશે ત્યાં ઝાડીઓમાંથી અચાનક એક સિંહ ધસી આવ્યો હતો. કાકાનો હાથ પકડીને ચાલી રહેલા 11 વર્ષીય મયુર મહેન્દ્રસિંહ ચૌહાણ નામના બાળક પર સિંહે તરાપ મારી હતી અને આંખના પલકારામાં તેને ઊંડા જંગલ તરફ ખેંચી ગયો હતો. બાળક પર હુમલો થતાં જ યાત્રાળુઓએ ભારે ચિચિયારીઓ કરી મૂકી હતી જેના કારણે આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. લોકોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હોવા છતાં તંત્ર લાંબા સમય સુધી ઘટના સ્થળે ફરક્યું ન હતું. વન વિભાગની આ લાલિયાવાડી અને વિલંબિત કામગીરીને કારણે સ્થાનિકો તેમજ પ્રવાસીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. જો વન વિભાગે ત્વરિત કાર્યવાહી કરી હોત તો કદાચ માસૂમનો જીવ બચાવી શકાયો હોત તેવો આક્રોશ લોકોએ વ્યક્ત કર્યો હતો. જંગલના રાજાની સુરક્ષા અને પ્રવાસીઓની સલામતીના બણગા ફૂંકતું તંત્ર આ કટોકટીના સમયે સાવ નિષ્ક્રિય સાબિત થયું હતું.

લાંબા સમય બાદ જંગલ વિસ્તારમાં વન વિભાગ અને સ્થાનિક તંત્ર દ્વારા હાથ ધરાયેલી શોધખોળ દરમિયાન બાળકનો એક પગ અને બૂટ સહિતના કેટલાક અવશેષો જ હાથ લાગ્યા હતા. પોતાની નજર સામે જ વહાલસોયા દીકરાને સિંહે ફાડી ખાતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે. આ ઘટનાના સમાચાર મોદજ ગામમાં પહોંચતા જ સમગ્ર પંથકમાં સન્નાટો વ્યાપી ગયો હતો અને લોકો હિબકે ચડ્યા હતા. હોંશે હોંશે પ્રવાસે ગયેલા પરિવાર પર અચાનક આવી પડેલી આ આફતથી ભારે કરુણાંતિકા સર્જાઈ છે.

પરિવારનો એકનો એક ચિરાગ બુઝાયો

મયુરના દાદા શકરા ચૌહાણે ભારે હૈયે આક્રંદ કરતા જણાવ્યું હતું કે મયુર તેમના દીકરાનો એકનો એક સંતાન હતો. તેનો પરિવાર મુખ્યત્વે ખેતીકામ સાથે સંકળાયેલો છે અને મયુર હજુ હમણાં જ ગામની ગૌતમ નગર પ્રાથમિક શાળામાં ધોરણ 5 માં દાખલ થયો હતો. આ કરુણ ઘટનાથી દાદા સહિત આખા પરિવારની દુનિયા ઉજ્જડ થઈ ગઈ છે.

વિડીયો કોલના થોડા કલાકોમાં જ ભાણાનો સાથ છૂટ્યો

મયુરના સગા મામા વિજય પણ આ ઘટનાથી સંપૂર્ણપણે ભાંગી પડ્યા છે. તેઓએ જણાવ્યું હતું કે મયુર રોજ તેમને ફોન કરતો હતો અને ઘટનાના આગલા દિવસે જ તેણે વિડીયો કોલ કરીને વાત કરી હતી. હવે ક્યારેય ભાણાનો ફોન નહીં આવે તે વિચારીને મામા ચોધાર આંસુએ રડી પડ્યા હતા.

પરિવારના સાત સભ્યો પ્રવાસમાં જોડાયા હતા

મોદજ ગામના પાડોશી અર્જુન ચૌહાણના જણાવ્યા મુજબ ગામના એક વ્યક્તિ દ્વારા આ પ્રવાસનું આયોજન કરાયું હતું. જેમાં મયુરની સાથે તેના પિતા મહેન્દ્ર, માતા સીતા માહી તેમજ કાકા લાલા, કાકી લક્ષ્મી અને પિતરાઈ ભાઈ જયવીર સિંહ સહિત પરિવારના સાત સભ્યો રાત્રે બસમાં બેસીને જૂનાગઢ પહોંચ્યા હતા. બીજા દિવસે વહેલી સવારે તમામ સભ્યો ગિરનાર પર્વતની યાત્રા અને દર્શન માટે નીકળ્યા હતા, ત્યારે આ દુર્ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે.

તાપમાન ૩૪ ડીગ્રી: જુલાઈના મધ્યથી વરસાદની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

વડોદરા શહેરમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઊંચું રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ શનિવારે વડોદરાનું મહત્તમ તાપમાન 34.0 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 28.4 ડીગ્રી નોંધાયું હતું. જ્યારે સવારે ભેજનું પ્રમાણ 73% અને સાંજે 66% રહ્યું હતું. દરમિયાન રાજ્યમાં ચોમાસું ધીમે-ધીમે જોર પકડી રહ્યું છે. હવામાન નિષ્ણાંતોએ આગામી દિવસો માટે મહત્વની આગાહી કરી છે. નિષ્ણાંતોના મતે જુલાઈના મધ્યથી લઈને ઓગસ્ટની શરૂઆત સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ જામશે. કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ પડશે તો કેટલાક સ્થળોએ ભારે વરસાદની પણ શક્યતા છે. ખાસ કરીને ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ શકે છે. આથી સ્થાનિક તંત્રને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

પાદરા તાલુકાની કેનાલમાંથી મળી આવેલી પાર્વતીબેન ઠાકોરની ઓળખ થઈ

પાલેજની વિધવા મહિલાની નિર્મમ હત્યા બાદ લાશ કેનાલમાં ફેંકી દેવાઈ

ચહેરા પર ગંભીર ઇજાઓ, ઘટનાસ્થળેથી લોખંડનો સળીયો મળ્યો, દુષ્કર્મ સહિત તમામ એંગલથી પોલીસની તપાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં કેનાલમાંથી મળી આવેલી અજાણી મહિલાની લાશનો ભેદ ઉકેલાતાં મૃતકની ઓળખ પાલેજની રહેવાસી અને એસ.એસ.જી. હોસ્પિટલમાં કર્મચારી તરીકે ફરજ બજાવતી વિધવા પાર્વતીબેન નરેશભાઈ ઠાકોર તરીકે થઈ છે. તેમની નિર્મમ હત્યા કર્યા બાદ લાશ કેનાલમાં ફેંકી દેવાઈ હોવાની આશંકા છે. ઘટનાસ્થળેથી લોખંડનો સળીયો મળી આવતા પોલીસે હત્યાના પુરાવા એકત્ર કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પાદરા તાલુકામાં કેનાલમાંથી મળી આવેલી મહિલાની લાશના કેસમાં પોલીસે તપાસનો વ્યાપ વધાર્યો છે. મૃતકની ઓળખ પાર્વતીબેન નરેશભાઈ ઠાકોર (રહે. પાલેજ) તરીકે થઈ છે. તેઓ વિધવા હતા અને વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે અજાણ્યા શખ્સોએ પાર્વતીબેનની અત્યંત નિર્મમ રીતે હત્યા કર્યા બાદ તેમના મૃતદેહને કેનાલમાં ફેંકી દીધો હતો. મૃતકના ચહેરા પર ગંભીર ઈજાના નિશાન જોવા મળ્યા છે. ઘટનાસ્થળેથી પોલીસે હત્યામાં ઉપયોગમાં લેવાયો હોવાની આશંકા ધરાવતો લોખંડનો સળીયો કબ્જે કરી ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યો છે.

મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. સમગ્ર ઘટનામાં દુષ્કર્મ થયું હોવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. પોસ્ટમોર્ટમ અને એફએસએલના રિપોર્ટ બાદ જ આ અંગે સ્પષ્ટતા થશે.

પોલીસે અગાઉ મૃતકના ફોટા જાહેર કરીને ઓળખ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. ફોટા જાહેર થયા બાદ પરિવારજનો પાદરા પહોંચ્યા હતા અને મૃતકની ઓળખ પાર્વતીબેન નરેશભાઈ ઠાકોર તરીકે થઈ હતી.હાલ પોલીસે હત્યા પાછળનું ચોક્કસ કારણ શોધવા માટે તમામ દિશામાં તપાસ શરૂ કરી છે. પ્રેમપ્રકરણ, અંગત અદાવત, દુષ્કર્મ અથવા અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તેમજ પાર્વતીબેન પાદરા શા માટે આવ્યા હતા અને તેમની હત્યા શા માટે કરવામાં આવી તે સહિતના તમામ મુદ્દાઓની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે.

વડોદરાની લિટલ ફ્લાવર સ્કૂલમાં વિદ્યાર્થીને કાન પર લાફા માર્યો

જન્મદિવસની શુભેચ્છા આપતા શિક્ષક ઉશ્કેરાયા હોવાનો પરિવારનો આરોપ

વાલીઓનો પોલીસ મથકે ઘેરાવ, નવાપુરા પોલીસે તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

વડોદરા શહેરની સિદ્ધનાથ તળાવ રોડ પર આવેલી લિટલ ફ્લાવર સ્કૂલમાં વિદ્યાર્થીને શિક્ષક દ્વારા માર મારવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. સમગ્ર મામલો નવાપુરા પોલીસ સુધી પહોંચતા વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે.

વિદ્યાર્થીના પરિવારજનોના જણાવ્યા મુજબ, ક્લાસમાં અન્ય વિદ્યાર્થીઓ શિક્ષકને જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા હતા. તે સમયે વિદ્યાર્થીએ પણ સૌજન્યથી, "સર, આજે તમારો જન્મદિવસ છે?" કહી શુભેચ્છા આપી હતી. આ વાતથી શિક્ષક જયેશ પરમાર ઉશ્કેરાઈ ગયા હોવાનો પરિવારનો આરોપ છે. આક્ષેપ મુજબ શિક્ષક વિદ્યાર્થીને ક્લાસની બહાર લઈ ગયા અને તેના કાન પર અનેક લાફા માર્યા હતા. મારપીટમાં વિદ્યાર્થીને ગંભીર ઈજા પહોંચી હતી. પરિવારનો દાવો છે કે મારના કારણે વિદ્યાર્થીના કાનનો પડદો ફાટી ગયો છે અને તેને સાંભળવામાં તકલીફ થઈ રહી છે. ત્યારબાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

બર્થ ડે ન હોવા છતાં વિશ કરી બાળકો ખીજવતા હતા

ક્લાસમાં વિદ્યાર્થીઓ શિક્ષકને બર્થ-ડે ન હોવા છતાં વારંવાર શુભેચ્છા પાઠવી ખીજવી રહ્યા હતા. નારાજ થઈ શિક્ષકે એક વિદ્યાર્થીને સામાન્ય લાફો માર્યો હતો. બાદમાં વિદ્યાર્થી સામાન્ય સ્થિતિમાં હતો. પરિવારજનોના આક્ષેપ બાદ શિક્ષકે માફી માંગી હતી અને સારવારનો ખર્ચ આપવાની તૈયારી પણ દર્શાવી હતી. જોકે પરિવારજનોની ફરિયાદ બાદ પોલીસે શિક્ષકને પૂછપરછ માટે લઈ ગઈ હતી. **- ગીતાબેન મુલે,** આચાર્ય,લિટલ ફ્લાવર સ્કૂલ

વિદ્યાર્થીના પરિવારજનોના આક્ષેપ બાદ શિક્ષકે માફી માંગી હતી અને સારવારનો ખર્ચ આપવાની તૈયારી પણ દર્શાવી હતી. જોકે પરિવારજનોની ફરિયાદ બાદ પોલીસે શિક્ષકને પૂછપરછ માટે લઈ ગઈ હતી. પરિવારનો દાવો છે કે મારના કારણે વિદ્યાર્થીના કાનનો પડદો ફાટી ગયો છે અને તેને સાંભળવામાં તકલીફ થઈ રહી છે. ત્યારબાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પરિવારજનોએ વધુમાં આક્ષેપ કર્યો છે કે આ શિક્ષક અગાઉ પણ બે વખત વિદ્યાર્થી સાથે મારપીટ કરી ચૂક્યા છે. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં વાલીઓ નવાપુરા પોલીસ ચોકીમાં પહોંચ્યા હતા અને આરોપી શિક્ષક સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

નવાપુરા પોલીસ તાત્કાલિક સ્કૂલે પહોંચી હતી. પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી સંબંધિત શિક્ષકને પૂછપરછ માટે અટકાયત કરી છે. સમગ્ર મામલે કાયદેસરની તપાસ ચાલી રહી છે. ઘટનાએ શાળામાં વિદ્યાર્થીઓની સુરક્ષા અને શિક્ષકોના વર્તન અંગે અનેક સવાલો ઉભા કર્યા છે. હાલમાં પોલીસ તપાસના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત; સદનસીબે કોઈ જાનહાનિ નહીં

હરણી રોડ પર મધ્યપ્રદેશની બસનું તાંડવ ચાર કારને ટક્કર મારી ડ્રાઈવર ફરાર

મુસાફરો બે કલાક રસ્તા પર અટવાયા, પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 11

સંસ્કારી નગરી વડોદરામાં બહારગામથી આવતી ખાનગી અને એસટી બસોના બેફામ ડ્રાઈવિંગને કારણે અકસ્માતોની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. ફતેગંજ બ્રિજ પર થયેલા ગંભીર અકસ્માત બાદ હવે હરણી રોડ પર મધ્યપ્રદેશ પાસિંગની એક મુસાફર બસે ચાર કારને ટક્કર મારતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

મળતી માહિતી મુજબ, ગઈકાલે મોડી રાત્રે મધ્યપ્રદેશ પાસિંગની બસ હરણી રોડ પરથી પસાર થઈ રહી હતી. દરમિયાન બસ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં બસ બેકાબૂ બની હતી અને આગળ જઈ રહેલી એક પછી એક ચાર કારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતની ટક્કર એટલી પ્રચંડ હતી કે ચારેય કારને ભારે નુકસાન પહોંચ્યું હતું. જોકે, તમામ કારચાલકો અને બસમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થતાં મોટી દુર્ઘટના ટળી હતી.

અકસ્માત સર્જાતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. ભીડ એકત્ર થતાં બસ ચાલક બસ મૂકીને અંધારાનો લાભ લઈ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. તેના કારણે બસમાં સવાર મહિલાઓ, બાળકો અને અન્ય મુસાફરોને મોડી રાત્રે અંદાજે બે કલાક સુધી રસ્તા પર રાહ જોવી પડી હતી.

ઘટનાની જાણ થતાં હરણી પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો તેમજ અકસ્માતનો ગુનો નોંધી ફરાર બસ ચાલકની શોધખોળ શરૂ કરી છે.

એક જ અઠવાડિયામાં બસો દ્વારા સર્જાયેલા બીજા મોટા અકસ્માતે શહેરમાં પ્રવેશતી બહારગામની બસોની સલામતી અને ગતિમર્યાદા અંગે ફરી સવાલો ઊભા કર્યા છે. સ્થાનિકોએ બેદરકાર ડ્રાઈવરો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. લોકોનું કહેવું છે કે પોલીસ અને આરટીઓ દ્વારા નિયમિત ચેકિંગ તથા કડક અમલવારી નહીં થાય તો ભવિષ્યમાં વધુ ગંભીર અકસ્માતો સર્જાવાની શક્યતા નકારી શકાય તેમ નથી. . સ્થાનિકોએ બેદરકાર ડ્રાઈવરો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

અકોટામાં કેમિકલના ગેરકાયદે નિકાલથી કિશોર ગંભીર રીતે દાઝ્યો

જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૧

વડોદરાના અકોટા વિસ્તારમાં કચરાના ઢગલામાં ફેંકવામાં આવેલા અજાણ્યા કેમિકલના સંપર્કમાં આવતાં 15 વર્ષીય કિશોરના બંને પગ ગંભીર રીતે દાઝી જવાની ઘટના સામે આવી છે. અકોટા પોલીસ લાઈન અને ગણપતિ મંદિર સામે બનેલી આ ઘટનાએ સ્થાનિકોમાં ભય અને રોષનો માહોલ સર્જ્યો છે.

મળતી માહિતી મુજબ, અકોટા વિસ્તારમાં રહેતો કિશોર કચરો નાખવા માટે નજીકના કચરાના પોઈન્ટ પર ગયો હતો. આ દરમિયાન ત્યાં પડેલા અજાણ્યા કેમિકલના સંપર્કમાં આવતાં તેના બંને પગની ચામડી દાઝી ગઈ હતી. કિશોરની ચીસો સાંભળી સ્થાનિકો દોડી આવ્યા હતા અને તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં બાળકો અને વડીલોની સતત અવરજવર રહેતી હોવાથી આવી બેદરકારી જીવલેણ સાબિત થઈ શકે છે. જાહેર સ્થળે જોખમી કેમિકલ ફેંકનારા તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. ઘટના બાદ સ્થાનિકોએ કેમિકલના નમૂના લઈ તેની તપાસ કરવા, કચરાના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવા તેમજ ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા સઘન દેખરેખ રાખવાની માંગ કરી છે.

અકોટા પોલીસ સ્ટેશનના પીઆઈ ડી વી બલદાણીયાએ જણાવ્યું હતું કે કેમિકલ ના સેમ્પલ લઈને એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ કેમિકલ કયું હતુંતે જાણવા મળશે.

ખોટા દસ્તાવેજોથી ફ્લેટ વેચી બેંકોમાંથી કરોડોની લોન મેળવી

ફ્લેટ પર કરોડોની લોન લઈ ગાંધીનગર ખાતે રહેતા બિલ્ડર સાથે રૂ. ૪૧ કરોડની છેતરપિંડી

ડીસીબીનો સપાટો, 22 આરોપીઓ સામે ગુનો; નાણાકીય વ્યવહારોની સઘન તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરામાં રિયલ એસ્ટેટ ક્ષેત્રને હચમચાવી નાખે તેવા રૂ. 41 કરોડના પ્રોપર્ટી કૌભાંડનો પર્દાફાશ થયો છે. શહેર ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી બે અલગ-અલગ ફરિયાદોમાં આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી સુંદરપુરા અને બિલ ગામ નજીકની બે રહેણાંક યોજનાઓના ફ્લેટોના ખોટા વેચાણ દસ્તાવેજો બનાવી કરોડોની લોન મેળવી બિલ્ડરોને મોટું આર્થિક નુકસાન પહોંચાડ્યાનો આક્ષેપ થયો છે. પોલીસે બંને કેસમાં 22 આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદ મુજબ ગાંધીનગરના બિલ્ડર કૌશિકભાઈ ઘનશ્યામભાઈ પટેલની ધરતી મેટ્રીક કાઉન્ટી એલએલપીની સુંદરપુરા સ્થિત મિલકતોને ટાર્ગેટ બનાવી બિલ્ડરની જાણ અને મંજૂરી વિના ફ્લેટોના બોગસ વેચાણ દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ દસ્તાવેજોના આધારે વિવિધ બેંકોમાંથી કરોડોની લોન મેળવી મિલકતો પર ગેરકાયદે બોજો ઉભો કરાયો હતો. કેટલાક ફ્લેટો અન્ય લોકોને વેચી દેવાતા કંપનીને અંદાજે રૂ. 21 કરોડનું નુકસાન થયું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ જ પ્રકારનું કૌભાંડ બિલ ગામ ખાતે આવેલી પેસિફિકા લેકસાઈડ ડેવલોપર્સ એલએલપીના પ્રોજેક્ટમાં પણ સામે આવ્યું છે. ફેઝ-1 અને ફેઝ-2માં આવેલા 13 ફ્લેટોના ખોટા વેચાણ દસ્તાવેજો સબ-રજિસ્ટ્રાર કચેરીમાં નોંધાવી વિવિધ બેંકોમાંથી લોન મેળવી આરોપીઓએ અંદાજે રૂ. 20 કરોડની છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે.

ડીસીબીની પ્રાથમિક તપાસમાં આરોપીઓએ ખોટા દસ્તાવેજો, નકલી સહીઓ, ખોટા સિક્કા અને બોગસ નાણાકીય વ્યવહારોનો ઉપયોગ કરી બેંકોને ગેરમાર્ગે દોરી લોન મંજૂર કરાવી હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે તમામ 22 આરોપીઓ સામે છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેમના બેંક ખાતા, લોન ફાઈલો, સબ-રજિસ્ટ્રાર કચેરીના રેકોર્ડ અને અન્ય નાણાકીય વ્યવહારોની સઘન તપાસ શરૂ કરી છે. તપાસ દરમિયાન વધુ મિલકતો, અન્ય બેંકો અને વધારાના શખ્સોની સંડોવણી બહાર આવે તેવી શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

કાટગ્રસ્ત ફાયર સિસ્ટમનું સમારકામ નહીં, માત્ર કલરકામથી સુરક્ષાના દાવા

SSGHમાં ફાયર સેફ્ટી રામભરોસે? જૂના પાઇપ પર રંગરોગાન..!

દર્દીઓના જીવ જોખમમાં હોવાનો સવાલ; મોટી દુર્ઘટના પહેલાં તંત્ર જાગે તેવી માંગ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૧

સયાજી હોસ્પિટલ, જ્યાં ગરીબ-મધ્યમ વર્ગના લોકો જીવનની આશા લઈને આવે છે, ત્યાં જ હવે 'જીવ' જોખમમાં મૂકાય તેવી સ્થિતિ સામે આવી છે. હોસ્પિટલના સત્તાધીશોની કામગીરી જોઈને લાગે છે કે તેઓ 'ફાયર સેફ્ટી'ને માત્ર કાગળ પર અને દીવાલોના રંગકામ પૂરતી જ સીમિત માને છે.

વર્ષો જૂની અને કાટ ખાઈ ગયેલી ફાયર સેફ્ટીની પાઈપલાઈનો અને મશીનરીને રિપેર કરવાને બદલે માત્ર ઉપરથી 'લાલી-લિસ્ટિંગ' એટલે કે કલરકામ કરીને સંતોષ માની લેવામાં આવ્યો છે. જાણે હોસ્પિટલ તંત્ર એવું માની બેઠું હોય કે દીવાલ પર ચળકતો રંગ લાગી જશે એટલે આગ પણ ડરીને ભાગી જશે ! અધિકારીઓની આ બેદરકારી ભવિષ્યમાં કોઈ મોટી હોનારતને આમંત્રણ આપી રહી છે.

અવારનવાર આવી ઘટનાઓ પ્રકાશમાં આવે છે, જેમાં તંત્રની લાપરવાહી સ્પષ્ટ દેખાય છે. શું કોઈ મોટી દુર્ઘટના સર્જાયા બાદ જ તંત્રની આંખ ખુલશે ? કે પછી દર વખતે 'રામભરોસે' ચાલતી આ સિસ્ટમમાં સામાન્ય માનવીના જીવ સાથે જ ચેડાં થતા રહેશે ? ફાયર વિભાગના અધિકારીઓ નિદ્રાધીન છે ? અને શું સયાજી હોસ્પિટલના દર્દીઓની સુરક્ષા ખરેખર કોઈની પ્રાથમિકતા છે ?

હોસ્પિટલનું તંત્ર જો તાત્કાલિક જાગીને આ બિસ્માર હાલતમાં રહેલી ફાયર સિસ્ટમને હકીકતમાં દુરસ્ત નહીં કરે, તો આવનારા સમયમાં કોઈપણ હોનારત માટે સીધી રીતે સત્તાધીશો જ જવાબદાર ગણાશે. લોકોના જીવ સાથેનો આ ખેલ હવે બંધ થવો જોઈએ. સાવધાન રહો, કારણ કે સયાજી હોસ્પિટલમાં હવે ફાયર સેફ્ટી પણ 'રામભરોસે' છે !

માત્ર જાળવણી પ્રક્રિયાનો એક ભાગ છે

ફાયર વિભાગના નિયમો અને ધોરણો મુજબ ફાયર સેફ્ટી માટેની પાણીની પાઇપ લાઇન લાલ રંગની હોવી ફરજિયાત છે. ઉનાળાની ભારે ગરમી, તડકો અને બદલાતા વાતાવરણના કારણે પાઇપનો રંગ ઝાંખો થઈ ગયો હોવાથી હાલ તેનું ફરીથી પેઇન્ટિંગ કરવામાં આવી રહ્યું છે. આ માત્ર નિયમિત જાળવણી અને જાળવણી પ્રક્રિયાનો એક ભાગ છે. હોસ્પિટલ પાસે ફાયર સેફ્ટી સંબંધિત તમામ જરૂરી એનઓસી અને મંજૂરીઓ ઉપલબ્ધ છે. તેથી હોસ્પિટલમાં ફાયર સેફ્ટીને લઈને કોઈ બેદરકારી કે નિષ્કાળજી રાખવામાં આવી નથી અને દર્દીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે. **– ડૉ. રંજન ઐયર,** સુપ્રિટેન્ડન્ટ, એસએસજી હોસ્પિટલ

ગોત્રી હોસ્પિટલમાં 'મેડિકલ મિશન' નિષ્ફળ

ઓપરેશન થિયેટરની લિફ્ટ કલાકો સુધી ઠપ રહેતા દર્દીઓ ભગવાન ભરોસે

દર્દીઓનું ઓપરેશન તો સફળ થયું, પણ 'લિફ્ટ' નામના જંગમાં હારી ગયા, તંત્રની ઘોર બેદરકારી

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૧

વડોદરાની GMERS ગોત્રી હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા માટે કરોડોનો ધુમાડો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે અહીં એક નાનકડી લિફ્ટ રિપેર કરવા જેટલી સજ્જતા પણ તંત્ર પાસે નથી. શુક્રવારે હોસ્પિટલના ઓપરેશન થિયેટર વિસ્તારની લિફ્ટ કલાકો સુધી બંધ રહેતા દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓની દશા 'સાપ ગયા અને લિસોટા રહી ગયા' જેવી થઈ હતી.

સર્જરી પછી દર્દીનું શરીર અત્યંત નાજુક હોય છે, અને તે સમયે તેને તાત્કાલિક વોર્ડમાં ખસેડવો અનિવાર્ય હોય છે. પરંતુ, ગોત્રી હોસ્પિટલમાં ઓપરેશન બાદ દર્દીઓને સ્ટ્રેચર પર લઈને સ્ટાફ જ્યારે લિફ્ટ પાસે પહોંચ્યો ત્યારે તેમને જાણ થઈ કે લિફ્ટ તો 'રજા' પર છે. કલાકો સુધી લિફ્ટ બંધ રહેતા તાજા ઓપરેશન કરાવેલા દર્દીઓ સ્ટ્રેચર પર જ કલાકો સુધી અટવાઈ પડ્યા હતા. શું મેડિકલ સાયન્સમાં હવે દર્દીઓએ ઓપરેશન પછી લિફ્ટ શરૂ થવાની પ્રાર્થના પણ કરવાની ?

હોસ્પિટલના મેન્ટેનન્સ વિભાગ અને PIU ના કોન્ટ્રાક્ટર વચ્ચેની ખેંચતાણ કે પછી લાપરવાહીના કારણે દર્દીઓએ આ આકરો ભોગ આપવો પડ્યો છે. કરોડો રૂપિયાના વાર્ષિક મેન્ટેનન્સ બજેટ છતાં, એક લિફ્ટ કલાકો સુધી રિપેર ન થઈ શકે, તે વહીવટી તંત્રના 'સુશાસન'ની પોલ ખોલે છે. હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ કે સત્તાધીશોના કાને આ આક્રંદ પહોંચ્યું ખરું ? કે પછી તેઓ પણ આ લિફ્ટની જેમ 'ટેકનિકલ ખામી'ના બહાને મૌન ધારણ કરીને બેઠા છે ?

આ આખી ઘટનાનો વીડિયો વાયરલ થતાં સમગ્ર વડોદરામાં હોસ્પિટલ તંત્રની ફજેતી થઈ રહી છે. લોકો સોશિયલ મીડિયા પર તંત્રને સવાલો કરી રહ્યા છે કે, જો મૂળભૂત સુવિધાઓ જ ન આપી શકતા હોય તો હોસ્પિટલ ચલાવવાનો દાવો શા માટે ? દર્દીઓના જીવ સાથે રમત રમતા આ તંત્ર સામે પગલાં લેવાશે કે પછી 'તપાસ સમિતિ'ની જૂની પદ્ધતિ અપનાવી મામલો રફેદફે કરવામાં આવશે ?